# ફ્લિપકાર્ટ 25,000થી વધુ ઇલેક્ટ્રિક વ્હિકલ્સને તેની પૂરવઠા ચેઇનમાં સમાવશે, જેનાથી તેઓ 2030 સુધીમાં 100 ટકા ઇલેક્ટ્રિક મોબિલિટી પ્રાપ્ત કરી શકે

- **ક્લાઈમેટ ગ્રુપની ઇવી100 પહેલમાં જોડાયા બાદ લોજિસ્ટિક્સ ફ્લિટને ઇલેક્ટ્રિક વ્હિકલ્સમાં બદલાવ કરવાની પ્રતિબદ્ધતાને અનુસરે છે**
- **લોજિસ્ટિક પાર્ટનર દ્વારા મુખ્ય પ્લેયર્સ, જેમાં હિરો ઇલેક્ટ્રિક, મહિન્દ્રા ઇલેક્ટ્રિક અને પિઆજીઓ પાસેથી લોજીસ્ટીક પાર્ટર્નર દ્વારા ઇલેક્ટ્રિક વાહનો મેળવવા ભાગીદારી કરી**

**બેંગ્લુરુ- ફેબ્રુઆરી 24, 2021:** ફ્લિપકાર્ટ, ભારતની હોમગ્રોન ઇ-કોમર્સ માર્કેટપ્લેસ આજે જાહેર કરે છે કે, તે 2030 સુધીમાં 25,000થી વધુ ઇલેક્ટ્રિક વાહનનો સમાવેશ કરશે. સમગ્ર શહેરના લોજિસ્ટિક્સ ફ્લિટને ઇલેક્ટ્રિક વ્હિકલ્સમાં બદલાવ લાવવા માટે ફ્લિપકાર્ટની જાહેર પ્રતિબદ્ધ છે અને તેના ડિલિવરી હબની આસપાસ ચાર્જિંગના માળખાને સ્થાપે છે તથા ભારતમાં ઓફિસીસમાં ઇલેક્ટ્રિક્સ વ્હિકલ (ઇવી)ના સ્વિકાર્યને ઝડપી બનાવશે. ફ્લિપકાર્ટએ આ માટે પાઈલોટિંગ અને ડિપ્લોઇંગ ટુ વ્હિલર અને થ્રી વ્હિલર ઇલેક્ટ્રિક વ્હિકલને સમગ્ર દેશના ડિલિવરી માટે મલ્ટીપલ સ્થળો પર શરૂ કર્યા છે, જેમાં દિલ્હી, બેંગ્લુરુ, હૈદ્રાબાદ, કોલકત્તા, ગુવાહાટી અને પૂના સહિતના કેટલાક નામો સામેલ છે.

ફ્લિપકાર્ટના ઇલેક્ટ્રિક ફ્લિટમાં 2-વ્હિલર, થ્રી-વ્હિલર અને 4-વ્હિલર વાહનોની ડિઝાઈનનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તે પણ ભારતમાં એસેમ્બલ હોય એવું, જેનાથી સ્થાનિક ઇનોવેશન અને અર્થતંત્રને વેગ મળશે. ફ્લિપકાર્ટે આ ખાસ વાહનો માટે અગ્રણી ઇલેક્ટ્રિક વ્હિકલ ઉત્પાદકની સાથે ભાગીદારી કરી છે, જેમાં હિરો ઇલેક્ટ્રિક, મહિન્દ્રા ઇલેક્ટ્રિક અને પિઆજીઓનો સમાવેશ થાય છે, જેનાથી તેઓ સમગ્ર દેશમાં તેની પ્રથમ અને છેવટની ડિલિવરીમાં તેનો સમાવેશ કરી શકે. ફ્લિપકાર્ટે સર્વિસ કોન્ટ્રાક્ટ માટે, ચાર્જિંગ માળખાકિય જરૂરિયાત સ્થાપના માટે જરૂરી સ્થાન પણ મેળવશે, જે તેની 1400 જેટલી પૂરવઠા ચેઇન સુવિધાથી નજીક હશે. આ માટે તે જાગૃતતા અભિયાન હાથ ધરશે અને ડિલિવરી એક્ઝિક્યુટિવ્સને ઇવીનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરશે.

**અમિતેશ ઝા, એસવીપી ઇકાર્ટ અને માર્કેટપ્લેસ, ફ્લિપકાર્ટ કહે છે,** "ઇલેક્ટ્રિક મોબિલિટીએ મલ્ટીપલ ઇકોસિસ્ટમ સ્ટેકહોલ્ડર્સને લાભ આપે છે, ફક્ત ઇ-કોમર્સમાં જ નહીં, પરંતુ અન્ય ઘણા ઉદ્યોગોમાં પણ લાભ આપે છે. લોજિસ્ટિક્સ ફ્લિટએ ઇલેક્ટ્રીફિકેશનએ ફ્લિપકાર્ટની લાંબાગાળાના ટકાઉ લક્ષ્યાંક અને ક્લાઈમેટ જૂથના ઇવી100 પહેલ તરફની અમારી પ્રતિબદ્ધતાનો મુખ્ય ભાગ છે. આ પ્રવાસથી અમે 2030 સુધીમાં અમારા લોજિસ્ટિક્સને સંપૂર્ણપણે ઇલેક્ટ્રિક્સમાં ફેરવી નાખીશું, અમે ઇલેક્ટ્રિક વ્હિકલને અમલી બનાવવા તથા તેનો ઉપયોગ કરવા માટે અગ્રણી સ્થાનિક કંપનીઓ સાથે પણ કામ કરી રહ્યા

છીએ. અમે બિઝનેસ તથા ટકાઉ લક્ષ્યાંકમાં ઇલેક્ટ્રિક મોબિલિટીની પ્રાપ્તિની સંબંધિતતાને સમજીએ છીએ તથા સમગ્ર દેશમાં ઇવીના શ્રેષ્ઠ સ્વિકાર્ય માટે પ્રતિબદ્ધ પણ છીએ.”

ફ્લિપકાર્ટએ પર્યાવરણની જાળવણી પ્રત્યે મજબુત પણે પ્રતિબદ્ધ છે અને તે કુદરતી સ્ત્રોતનો યોગ્ય રીતે ઉપયોગ કરીને તેના બિઝનેસની જવાબદારીને હાથ ધરવા તરફનો પ્રોએક્ટિવ અને સાકલ્યવાદી અભિગમ સ્વિકારે છે. આ જ બાબતમાં, ફ્લિપકાર્ટએ છેલ્લા કેટલાક વર્ષોથી તેના ઇકોસિસ્ટમ પાર્ટનર, ચાર્જિંગ પૂરું પાડવા માટે, આવડત વિકાસ એજન્સી, એકત્રીકરણકર્તા તથા ઓઇએમસ (ઓરિજિનલ ઇક્વિપમેન્ટ મેન્ય્યુફેક્ચર્સ)ની સાથે કામ કરી રહ્યું છે.

**ફ્લિપકાર્ટ લોજિસ્ટિક ફ્લિમાં ઇલેક્ટ્રિક વાહનોની વિગત**

**હિરો ઇલેક્ટ્રિકની ધ એનવાયએક્સ સિરિઝ** : ભારતની સૌથી મોટી ઇલેક્ટ્રિક ટુ-વ્હિલર કંપનીની ધ એનવાયએક્સ સિરિઝ (એચએક્સ અને એલએક્સ બંને વેરિએન્ટ્સમાં) છે, તે અત્યંત સશક્ત, વિશ્વસનિય અને લાંબા સમય સુધી ટકાઉ, જે પાવરમાં એટલો સપોર્ટ ઓફર કરે છે અને એક જ ચાર્જિંગમાં 150 કિલોમિટર સુધીની ડ્રાઈવિંગ રેન્જ આપે છે. ઊંડાણપૂર્વકના વિસ્તારોમાં પહોંચવા માટે તથા અન્ય કોમર્શિયલ ઉપયોગ માટે આ વિશાળપણે ઉપયોગમાં લેવાતું સ્કુટર છે. આ વાહનો સમગ્ર ભારતના ફ્લિપકાર્ટના લોજિસ્ટિક્સ ડિપ્લોયમેન્ટ ભાગીદારીઓમાં પહેલાથી જ સ્થાપિત છે, જે કોલકત્તા, ગુવાહાટી અને ભુવનેશ્વરમાં હજારો ડિલિવરી કરી ચુક્યા છે. તેના નામ જોઈએ તો, સોહિન્દર ગીલ, સીઇઓ, હિરો ઇલેક્ટ્રિક કહે છે, “હિરો ઇલેક્ટ્રિકએ તેના ‘ઉત્સર્જન નહીં’ના મિશનને પ્રતિબદ્ધ છે અને છેલ્લા કેટલાક મહિનાથી અમે આઇસીઇ (ઇન્ટરનલ કોમ્બુસન એન્જિન્સ)થી લઇને ઇવીમાં ફેરબદલ થઈને છેવટના ડિલિવરી વિકલ્પમાં સફળતાપૂર્વક બદલાવ લાવ્યા છીએ. ફ્લિપકાર્ટ સાથેની ભાગીદારીએ ગેમ-ચેન્જર છે અને તે તેમના ફ્લિટને ઇવીમાં ફેરવતા તેના આંકડામાં નોંધપાત્ર બદલાવ આવ્યો છે અને તેનાથી ઇ-કોમર્સ ઉદ્યોગમાં પ્રવૃતિશીલ રીતે ઇલેક્ટ્રિક વાહનના સ્વિકાર્યને પ્રોત્સાહન મળશે.”

**મહિન્દ્રા ઇલેક્ટ્રિકનું ટ્રેઓ ઝોર**: આ ઇલેક્ટ્રિક થ્રી- વ્હિલરની ડિઝાઈન ભારતમાં જ બની અને વિકસી છે, જેમાં એડવાન્સ્ડ લિથિયમ-આઇઓન બેટરી છે અને તે એવા ઉકેલની સાથે જોડે છે, જે ફ્લિટ મેનેજમેન્ટમાં સક્ષમ પણે મદદ થાય. ટ્રેઓ ઝોરએ 8 કેવીની શક્તિ, 42 એનએમનો આ ક્લાસમાં શ્રેષ્ઠ ટોર્ક પણ છે, આ વર્ગમાં સૌથી વધુ એવી 550 કેજી પેલોડ ક્ષમતા, મહત્તમ શ્રેણી અને ઉદ્યોગમાં સૌથી લાંબા વ્હિલ બેઝની સાથે ઉદ્યોગમાં શ્રેષ્ઠ મૂલ્ય પ્રસ્તાવના તેના ગ્રાહકોને ઓફર કરે છે, તો જ્યારે ડિઝલ અને ઇલેક્ટ્રિક કાર્ગો થ્રી વ્હિલરની સરખામણી થાય તો, આ શ્રેણીમાં તેને સૌથી સ્થિર અને સલામત થ્રિ-વ્હિલર બનાવે છે. મહેશ બાબુ, એમડી અને સીઇઓ, મહિન્દ્રા ઇલેક્ટ્રિક મોબિલિટી કહે છે, “અમે ખુશ છીએ કે, ફ્લિપકાર્ટએ તેના ફ્લિટમાં ઝડપથી ઇવીને સ્વિકાર્યા છે. સાથે મળીને અમે સ્વચ્છ,

ટકાઉ અને વ્યાજબીદરના છેવટના ડિલિવરી ઉકેલને અમારા ટ્રેઓ ઝોરને સમગ્ર દેશમાં પૂરા પાડવા માટે પ્રતિબદ્ધ છીએ.”

**પિઆજીઓનું એપ ઇએકસ્ટ્રા એફએક્સ:** આ ઇલેક્ટ્રિક થ્રિ-વ્હિલર છે, જે આ શ્રેણીમાં સૌથી શક્તિશાળી તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેમાં એડવાન્સ્ડ બેટરી ટેકનોલોજી અને વધુ સારો ગ્રાહકોનો અનુભવ છે. આ પ્રસંગે જણાવતા, ડીએજો ગ્રેફી, ચેરમેન અને એમડી પિઆજીઓ વ્હિકલ પ્રા. લિ. કહે છે, “એપ, એ વિશ્વાસ સાથેની એક બ્રાન્ડ છે. જેના 30 લાખથી વધુ ખુશાલ ગ્રાહકો છે, તે એફએક્સ રેન્જના ઇલેક્ટ્રિક વ્હિકલ્સની સાથે ભારતની ઇલેક્ટ્રિક ક્રાંતિમાં પોતાનો ફાળો આપી રહ્યા છે. પિઆજીઓ જૂથ ઇલેક્ટ્રિક ટેકનોલોજીના વિકાસમાં છેલ્લા દોઢ દાયકાથી એક ભવ્ય વારસો ધરાવે છે અને અમે ઇલેક્ટ્રિક મોબિલિટીમાં પરિવર્તન થવાના ફ્લિપકાર્ટના પ્રવાસમાં ભાગીદારી કરતા અત્યંત ખુશ છીએ.”

ફ્લિપકાર્ટની પ્રતિબદ્ધતા છે કે, અમે સમગ્ર વેલ્યૂ ચેઇનમાં સ્થિર બિઝનેસ પ્રેક્ટિસને અનુસરીશું, કંપનીએ વર્ષોથી આવી ઘણી પહેલ ચલાવી રહી છે. જેમાં પૂરવઠા ચેઇનમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક પેકેજિંગના ઘટાડાનો પણ સમાવેશ થાય છે. ફ્લિપકાર્ટ વેસ્ટ મેનેજમેન્ટ અને એનર્જી ક્ષમતાની પ્રેક્ટિસ કરે છે, જે રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ વધારે છે તથા તાજેતરમાં જ ટકાઉ ઓપરેશનને પ્રાપ્ત કરવા માટેના તેના આ પ્રયત્નના ભાગરૂપે કંપનીએ તાજેતરમાં જ આઇએસઓ 14001 પ્રમાણપત્ર પણ મેળવ્યું છે.

**About the Flipkart Group**
The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and Flipkart Wholesale. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants, and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of over 300 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratise e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs have inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market and now Flipkart Wholesale, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

**For more information, please contact media@flipkart.com**